## હરિની દૃષ્ટિ...




જો શકરા... હવે દેશીનો ભાવ વધશે... ખાખી ઉપરાંત 'જનતા રેડ' ચાલુ થઈ છે...!!

## ગુરૂવારે ખીમજી વિસરામ હોલમાં જાદુગર નાટક

ગાંધીનગર, તા.૧૦

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત જાદુગર નાટકનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આગામી ૧૩ ઓગષ્ટને ગુરુવારે બપોરે ૨.૩૦થી ૫.૩૦ દરમિયાન સેકટર-૨૩ ખીમજી વિસરામ હોલ ખાતે જાદુગર નાટક યોજાશે. પાટનગરની તમામ બહેનોને નાટકનો લાભ લેવા સંસ્થા પ્રમુખ શ્રીમતી શર્મિષ્ઠાબેન દવેએ જણાવેલ છે.

# ગાંધીનગરમાં એકાત્મક માનવદર્શન વિષયે રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો

### રાજયપાલ ઓમપ્રકાશ કોહલી, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા : દેશભરમાંથી આવેલા નિષ્ણાંત વક્તાઓએ તેમના વિચાર પ્રસ્તુત કર્યા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર ખાતે કાર્યરત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા તા. ૯ ઓગષ્ટને રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકથી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સે. ૧૦ના મધ્યસ્થ ખંડમાં 'એકાત્મક માનવ દર્શન : સામાજિક, શૈક્ષણિક અને આર્થિક પરિપ્રેક્ષ્ય' વિષયે રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના પ્રથમ સત્રમાં રાજયના રાજયપાલ ઓમપ્રકાશ કોહલી ઉપસ્થિત રહ્યા હતા. પરિસંવાદમાં દેશભરમાંથી આવેલા વિદ્વાનોએ ભાગ લીધો હતો.

કાર્યક્રમમાં એકાત્મ માનવદર્શનના અનુક્રમે સામાજિક, શૈક્ષણિક અને આર્થિક પરિપ્રેક્ષ્ય પર વિદ્વાન વક્તાઓના મનનીય પ્રવચન થયા હતા. જેમાં સામાજિક પરિપ્રેક્ષ્ય પર ડૉ. મહેશચંદ્ર શર્મા કે જેઓ ડિગ્રી કોલેજ, લક્ષ્મણગઢ, રાજસ્થાનના નિવૃત્ત અધ્યાપક અને એકાત્મ માનવદર્શન અનુસંધાન અને વિકાસ સંસ્થાનના પ્રવર્તમાન અધ્યક્ષ છે. તેઓએ ઊંડાણપૂર્વક સદૃષ્ટાંત રજૂઆત કરી હતી.

● અનુસંધાન પાના - ૭ પર

# ગાંધીનગરની બીબીએ કોલેજમાં યોગના મહત્વ અંગે વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના સે. ૨૩માં કડી શિક્ષણ સંકુલની બીબીએ કોલેજમાં પતંજલિ યોગ સાધના ટ્રસ્ટના ઉપક્રમે 'વિદ્યાર્થી જીવનમાં યોગનું મહત્વ' વિષય પર વર્કશોપ યોજવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં પતંજલિ ટ્રસ્ટના વાઈસ પ્રેસિડેન્ટ સત્યપ્રકાશ સૂરીએ વિદ્યાર્થીઓને યોગનું મહત્વ સમજાવ્યું હતું.





કાર્યક્રમના પ્રારંભે આચાર્ય રમાકાન્ત પૃષ્ટિએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ત્યારબાદ ડૉ. જયેશ તન્નાએ યોગગુરૂ સત્યપ્રકાશ સૂરીનો પરિચય કરાવ્યો હતો. સત્યપ્રકાશ સૂરીએ વિદ્યાર્થીઓને યોગ દ્વારા એસિડીટી, માથાનો દુઃખાવો, ડિપ્રેશન, માઈગ્રેન અને સાયનસ જેવા રોગોમાં કેવી રીતે રાહત મળે છે તે સમજાવ્યું હતું. આહારની અનિયમિતતા અને ખોટી રીતે કરાયેલ ડાયેટીંગના ગેરફાયદા પણ તેમણે સમજાવ્યા હતા. યોગગુરૂએ વિદ્યાર્થીઓને ઉપયોગી માહિતી પ્રત્યક્ષ નિદર્શન દ્વારા આપી હતી.



## બાલનગરીમાં વિલન શિવાનું પરફોર્મન્સ

ગાંધીનગરના ચ-૩ સર્કલ પાસે મોનસુન મહોત્સવ બાલનગરીમાં રવિવારે સાંજે બોલીવુડના ગુજરાતી વિલન અદાકાર શિવાએ ઉપસ્થિત રહી અદભુત પરફોર્મન્સ આપ્યું હતું. આશરે પોણા બસો હિન્દી ફિલ્મોમાં નાના મોટા રોલ કરી ચુકેલા શિવાની ડાયલોગ ડિલીવરી અને ડાન્સને ઉપસ્થિત દર્શકોએ તાળીઓના ગડગડાટ અને હર્ષની ચિચિયારીઓથી વધાવી લીધા હતા.

(તસવીર : સમીર રામી)

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા મહિલા શક્તિ એવોર્ડ સમારોહનું આજે સાંજે મેડીકલ કોલેજના હોલમાં રિહર્સલ કરવામાં આવ્યું હતું.

● આજે કોબા-સાબરમતી વચ્ચે વરસાદનું સારૂ ઝાપટું નોંધાયું હતું.

● શ્રાવણ માસ આવી રહ્યો હોવાથી શિવ મંદિરોને શિવ ભક્તો દ્વારા સજાવાઈ રહ્યા છે.

● આજથી ગાંધીનગરમાં રાષ્ટ્રીય સાયન્સ કોંગ્રેસનો આરંભ થવાનો છે.

● ૧૫મી ઓગષ્ટને શનિવાર આવતો હોવાથી જિલ્લા ફરિયાદ સંકલન સમિતિ સહિતની બેઠકો શુક્રવારે મળશે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના વધુ પાંચ કર્મચારીઓને બનાસકાંઠા તંત્રની મદદમાં મોકલવામાં આવ્યા છે.

## વૈષ્ણવ સમાજ નરેન્દ્ર એમ. શાહને અભિનંદન

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જીમખાના સેકટર-૧૯ના ખજાનચી અને સાંઈબાબા મંદિર ટ્રસ્ટના પ્રમુખ તરીકે સેવા આપતા નરેન્દ્ર એમ. શાહ ગાંધીનગર નાગરિક બેંકની તાજેતરની બોર્ડ ઓફ ડીરેકટરની ચૂંટણીમાં ભારે બહુમતીથી ચૂંટાઈ આવતા સમસ્ત વૈષ્ણવ વણિક પરિવારે ગૌરવની લાગણી વ્યકત કરી હતી તેમજ સતત ૨૦ વર્ષથી નાગરિક બેંકમાં સેવાઓ આપવા બદલ તેઓને અભિનંદન પાઠવ્યા હતાં.

## સેંટ ઝેવિયર્સ ખાતે વનશ્રી ટ્રસ્ટ દ્વારા હિરોશિમા ડે ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૦

વનશ્રી ટ્રસ્ટ દ્વારા સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં હિરોસિમા ડે કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. ઈકોક્લબના બાળકોને કાર્યક્રમ દરમિયાન એટોમબોમ્બ વિશેની સંપૂર્ણ માહિતી પાવર પોઈન્ટ દ્વારા પ્રેઝન્ટેશન કરી બાળકોને સમજ આપવામાં આવી હતી. આશરે ૨૦૦થી વધુ બાળકોએ દૃશ્યો નીહાળ્યા હતા.

સમગ્ર કાર્યક્રમની રજુઆત દર્શિત પૂરોહિતે કરી હતી તેમજ કાર્યક્રમનું આયોજન સરોજબેન ઝાલા અને આનંદ પરમારે કર્યુ હતુ. ગાંધીનગર જિલ્લા ગ્રીન એમ્બેસેડર અંજના નીમાવત અને શાળાના પ્રિન્સિપાલ સીસ્ટર જોસફીન અને ફાધર પીન્ટો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

## સેક્ટર-૭ની સરદાર વલ્લભભાઈ પટેલ શાળાના રમતવીરોનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના સે. ૭ની સરદાર વલ્લભભાઈ પટેલ સ્કૂલના રમતવીરોએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન દ્વારા શાળાનું નામ રોશન કર્યુ છે. શાળાની કબડ્ડી, ખો-ખો અને વોલીબોલની અન્ડર-૧૭ તેમજ અન્ડર-૧૯ની ટીમોએ તાલુકા કક્ષાની સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે.

સે. ૭માં ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે યોજાયેલ સ્પર્ધાઓમાં શાળાની કબડ્ડીની અન્ડર-૧૭ની ટીમ વિજેતા બની હતી. જ્યારે ખો-ખોમાં અન્ડર-૧૯ની ટીમ વિજેતા બની હતી.

વૉલીબોલની અન્ડર-૧૯ની ટીમે પણ પ્રથમ સ્થાન મેળવ્યું છે. આ ઉપરાંત રવિવારે નગરમાં યોજોયલ સાયકલરેસમાં શાળાની કુ. મનિષા બાબુભાઈ જામોડે પ્રથમ સ્થાન હાંસલ કરી તેમજ કાળુ પોપટભાઈ ભરવાડે ચતુર્થ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. વિજેતાઓને શાળાના આચાર્ય બી.બી. સોલંકી, કેમ્પસ ડાયરેક્ટર કાંતિભાઈ, સુપરવાઈઝર વનિતાબેન બુટાણી તથા વ્યાયામ શિક્ષક હેતલબેન સહિત કર્મચારી ગણે અભિનંદન પાઠવ્યા છે.

## ગાંધીનગર ખાતે ૧૩મી ઓગષ્ટના રોજ મહિલા શ્રમજીવી દિવસની ઉજવણી કરાશે

ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે મહિલા શ્રમજીવી દિવસનું આયોજન કરવામાં આવ્યું છે. મહિલા શ્રમજીવી દિવસ તા. ૧૩મી ઓગષ્ટ, ૨૦૧૫ના રોજ સવારના ૧૧ કલાકે બલરામ મંદિર પરિસર, કલેક્ટર કચેરી સામે, સે. ૧૨-ડી ખાતે યોજાશે. મેળામાં ખાનગી ક્ષેત્રની ખ્યાતનામ કંપનીઓ ભાગ લેશે. ભરતી મેળામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવાર ધોરણ-૯ પાસ, એસ.એસ.સી., એચ.એસ.સી., શિવણનો કોર્ષ આઈ.ટી.આઈ. પાસ, ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ હોવા જરૂરી છે. ભરતીમેળામાં આવનાર ઉમેદવારોએ પોતાનો બાયોડેટા, બે પાસપોર્ટ સાઈજના ફોટોગ્રાફસ, તમામ અસલ પ્રમાણપત્રો તથા દરેકની ઝેરોક્ષ નકલ સાથે સ્વખર્ચે ભરતીમેળામાં ઉપસ્થિત રહેવાનું રહેશે. આ ઉજવણીના ભાગરૂપે ઉમેદવારોને પ્રોત્સાહનરૂપે રોજગાર એનાયત પત્રો આપવામાં આવનાર છે.





ગાંધીનગર સમાચાર

અનોખા અખબારની અનોખી ભેટ




વિશેષ ઓફર

વાર્ષિક લવાજમ યોજના
માત્ર રૂા. ૬૦૦ ભરો અને આખું વર્ષ નિયમીત ગાંધીનગર સમાચાર મેળવો

વાર્ષિક લવાજમ ભરો અને ગાંધીનગરની ટોપ ૧૨૫ બ્રાન્ડસની ૫૦૦ જેટલી ગિફ્ટ ડિસ્કાઉન્ટ કૂપન મેળવો

ગાંધીનગર સમાચારનું વાર્ષિક લવાજમ આજે જ ભરો અને આપની કોપી બૂક કરાવો.

ગાંધીનગર સમાચાર

પાટનગરનું પોતાનું અખબાર

684/1, સેક્ટર-8, ગાંધીનગર-382008
ફોન : (079) 23222571, 23237571. ફેક્સ : (079) 23230571